# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ

(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)

**BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH**

[ Gujarat Public Universities Act No. 15/2023 ]


જા.નં.: બીકેએનએમયુ/સામાન્ય વિભાગ/ ૫૦ /૨૦૨૬

તા.: ૩૦/૦૫/૨૦૨૬

વિષય :- માનનીય રાજ્યપાલશ્રી ની અપીલને માન આપીને ઇંધણ બચતમાં સહભાગી થવા અઠવાડિયાના દર સોમવારે "નો મોટર વ્હીકલ ડે" નિષ્ઠાપૂર્વક પાળવા બાબત.

સંદર્ભ :- (૧) માનનીય રાજ્યપાલશ્રી નાં સચિવશ્રીની કચેરી, લોકભવનનાં તા.૧૨/૦૫/૨૦૨૬ પત્ર ક્રમાંક GS/PS/4028/2026

(૨) અત્રેની યુનિવર્સિટીનાં તા.૧૮/૦૫/૨૦૨૬નાં પરિપત્ર ક્રમાંક: બીકેએનએમયુ/સામાન્ય વિભાગ/44/2026

(૩) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૯/૦૫/૨૦૨૬ પરિપત્ર ક્રમાંક: GAD/MSM/e-file/1/2026/2970/T

(૪) અત્રેની યુનિવર્સિટીનાં તા.૨૦/૦૫/૨૦૨૬નાં પરિપત્ર ક્રમાંક: બીકેએનએમયુ/સામાન્ય વિભાગ/45/2026

(૫) શિક્ષણ વિભાગના તા.૨૬/૦૫/૨૦૨૬નાં પરિપત્ર ક્રમાંક: ED/MIS/e-file/3/2026/2934/V-2

(૬) માનનીય રાજ્યપાલશ્રી નાં સચિવશ્રી ની કચેરી, લોકભવનનાં તા.૨૯/૦૫/૨૦૨૬ ક્રમાંક:No:GS/4443/2026

**પરિપત્ર :-**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોનાં આચાર્યશ્રીઓ, યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનનો નાં અધ્યક્ષશ્રીઓ, યુનિવર્સિટી કાર્યાલયના વિવિધ વિભાગોના વડાઓ અને વિવિધ સેન્ટર્સ,ચેર્સ, એકમોના વડાઓને જણાવવામાં આવે છે કે સાંપ્રત વૈશ્વિક પરિસ્થિતિઓને ધ્યાને લેતા ગુજરાત સરકારશ્રી દ્વારા પેટ્રોલ, ડીઝલ અને ફોરેન એક્ષચેન્જ વપરાશ અંગે પગલાં લેવા માટે સૂચનાઓ પ્રસિદ્ધ કરેલ છે. જે અન્વયે ભારતના માનનીય પ્રધાનમંત્રીશ્રીએ વર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈ વિદેશથી આયાત થતા પેટ્રોલ અને ડીઝલને લીધે દેશનાં અર્થતંત્ર પર થતી અવળી અસર નિવારવા ઇંધણ વપરાશમાં કરકસરનાં પગલાં લેવા અપીલ કરેલ છે. માનનીય પ્રધાનમંત્રીશ્રીની અપીલને માન આપીને ગુજરાત રાજ્યના માન.રાજ્યપાલશ્રીએ ઇંધણ બચતમાં સહભાગી થવા તથા પ્રતિ સોમવાર "નો મોટર વ્હીકલ ડે" તરીકે પાળવા સર્વે યુનિવર્સિટીઓ ને જણાવેલ છે. જે અન્વયે અત્રેની યુનિવર્સિટી નાં માન.કુલપતિશ્રીએ તમામ શૈક્ષણિક, બિન શૈક્ષણિક કર્મયોગીઓ, વિદ્યાર્થીઓ ને ઇંધણ બચત કરવા, જાહેર વાહન, સાઇકલ નો ઉપયોગ કરવા, નજીક નું સ્થળ હોઇતો પગપાળા કોલેજ /યુનિવર્સિટીએ જવા તથા સપ્તાહના પ્રતિ સોમવારે **"નો મોટર વ્હીકલ ડે"** તરીકે નિષ્ઠાપૂર્વક પાળવા અનુરોધ કરવામાં આવે છે.

કુલસચિવ

**બિડાણ :-**

સંદર્ભ – ૧,૩,૫,૬

પ્રતિ,

(૧) યુનિવર્સિટી કાર્યાલયના વિવિધ વિભાગોના વડાઓ

(૨) યુનિવર્સિટી સ્થિત તમામ ભવનોના અધ્યક્ષશ્રીઓ

(૩) યુનિવર્સિટી સ્થિત વિવિધ સેન્ટર્સ,ચેર્સ,એકમોનાં વડાઓ

**નકલ સાદર રવાના :-**

(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

No: GS/PS/4028/2026

To R
Please do
G.R. to all colleges
concerned and depts.

# રાજ્યપાલશ્રીનું સચિવાલય

રાજ્યપાલશ્રીના સચિવશ્રીની કચેરી
લોકભવન, ગાંધીનગર-૩૮૨ ૦૨૧ (ગુજરાત)
(ટેલીફોન નં.:(૦૭૯)૨૩૨ ૪૩૧૭૧,૨૩૨ ૪૩૧૭૨,૨૩૨ ૪૩૧૭૩, ફેક્સ નં.:૨૩૨ ૩૧૧૨૧)

તા. 2 MAY 2026

પ્રતિ

કુલપતિશ્રી
(તમામ વિશ્વવિદ્યાલય)

વિષય: **માનનીય પ્રધાનમંત્રીશ્રીની અપીલને માન આપીને ઇંધણ બચતમાં સહભાગી થવા બાબત.**

મહોદયશ્રી

આપને સુવિદિત છે તેમ તાજેતરમાં ભારતના માનનીય પ્રધાનમંત્રીશ્રીએ મોંઘું હુંડિયામણ ચૂકવીને વિદેશથી આયાત થતા પેટ્રોલ અને ડિઝલને લીધે દેશના અર્થતંત્ર પર થતી અવળી અસર નિવારવા ઇંધણ વપરાશનાં કરકસરનાં પગલાં લેવા અપીલ કરી છે. માનનીય પ્રધાનમંત્રીશ્રીની અપીલનું સન્માન કરીને ગુજરાતના માનનીય રાજ્યપાલશ્રી દેવવ્રતજીએ જાતે કેટલાક સંકલ્પો લીધા છે; જેમ કે પ્રવાસોમાં વિમાન/હેલિકોપ્ટરને બદલે જાહેર વાહનવ્યવહારનો ઉપયોગ કરવો, માનનીય રાજ્યપાલશ્રીની કારકેડમાંથી નવ જેટલા વાહનો હટાવીને માત્ર ત્રણ જ વાહનોનો કાફલો રાખવો વગેરે. આ ઉપરાંત લોકભવનના તમામ કર્મયોગીઓ અઠવાડિયે એક દિવસ પગપાળા, સાઇકલ કે જાહેર વાહન વ્યવહાર દ્વારા કચેરીએ આવજા કરશે, તેવો નિર્ધાર કરવામાં આવેલ છે.

માનનીય રાજ્યપાલશ્રીની ઇચ્છા છે કે રાજ્યની તમામ યુનિવર્સિટિઓમાં પણ ઇંધણ બચત અંગે વિવિધ પગલાં લેવામાં આવે, જેનાથી આપણા યુવાઓમાં રાષ્ટ્રભાવના અને પર્યાવરણ જાગૃતિનો સંદેશ જશે. તે માટે આપના હસ્તકની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ અને અધ્યાપક ગણ સહિત તમામ જ્ઞાનયોગી સાઇકલ કે પગપાળા આવવા અથવા પબ્લિક ટ્રાન્સપોર્ટના ઉપયોગ માટે સંકલ્પ લે અને અઠવાડિયાનો એક દિવસ 'નો મોટર વ્હિકલ ડે' તરીકે નિષ્ઠાપૂર્વક પાળવામાં આવે. તદ્દુપરાંત, વાહનોના સહિયારા ઉપયોગ (કાર પૂલિંગ) અને વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા મિટિંગોનું આયોજન કરીને પણ ઇંધણ બચત કરી શકાય. આ સંદર્ભમાં અધ્યાપકો અને શિક્ષકો માટે આપનું માર્ગદર્શન અને સકારાત્મક પહેલ

Chairman + જોઈ 167
Pl. Put Up for Circular
15/5

VC OFFICE
Inward No. 38
Dt. 14/5/2026

REGISTRAR OFFICE
Inward No. 13
Dt. 14/05/26

માનનીય પ્રધાનમંત્રીશ્રીની અપીલને સાર્થક કરવામાં ખૂબ અગત્યની બની રહેશે. આપના વિશ્વવિદ્યાલયે લીધેલાં પગલાંની જાહેર માધ્યમો અને સોશ્યલ મિડિયામાં પ્રસિદ્ધિ આપીને આ રાષ્ટ્રીય સેવાને વધુ લોકગમ્ય બનાવી શકાય.

માનનીય રાજ્યપાલશ્રીની આજ્ઞાનુસાર જણાવવાનું કે ઉપરોક્ત બાબતે આપની કક્ષાએ સતત મોનિટરિંગ કરવા અને આપે લીધેલાં પગલાં અને તેના લીધે બચેલ ઇંધણનો માસિક અહેવાલ અત્રે મોકલી આપવા વિનંતિ છે.

આપનો વિશ્વાસુ,

(અશોક શર્મા) IAS

માનનીય રાજયપાલશ્રીના અગ્ર સચિવ

**સાંપ્રત વૈશ્વિક પરિસ્થિતિઓને ધ્યાને લેતાં રાજ્ય સરકાર દ્વારા પેટ્રોલ,ડીઝલ અને ફૉરેન એક્ષચેન્જના વપરાશ અંગે પગલાં લેવા માટેની સૂચનાઓ પ્રસિદ્ધ કરવા બાબત.**

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંક : GAD/MSM/e-file/1/2026/2970/T
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૯/૦૫/૨૦૨૬

**પરિપત્ર:**

સાંપ્રત વૈશ્વિક પરિસ્થિતિઓને ધ્યાને લેતાં રાજ્ય સરકાર દ્વારા પેટ્રોલ,ડીઝલ અને ફૉરેન એક્ષચેન્જના વપરાશ અંગે પગલાં લેવાના થાય છે. નીચે મુજબના પગલાં તાત્કાલિક અસરથી લેવાનું આથી પરિપત્રિત કરવામાં આવે છે.

(૧) સરકારી કામકાજ માટે જરૂરિયાત પ્રમાણે જ પ્રવાસનું આયોજન કરવાનું રહેશે. શકય હોય ત્યાં સુધી અધિકારીઓ/કર્મચારીઓને પ્રવાસ ન કરવા પડે તે રીતે ઈલેકટ્રોનિક ઉપકરણો જેવા કે, ટેલિફોન, મોબાઈલ, ઈ–મેઈલ, વીડિયો કોન્ફરન્સીંગ જેવી આધુનિક ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરવાનો રહેશે અને અત્યંત જરૂરી હોય તે સિવાય ક્ષેત્રીય અધિકારીઓ/કર્મચારીઓને મિટિંગ માટે બોલાવવાના બદલે 'વીડિયો કોન્ફરન્સિંગ' અથવા 'ઓનલાઈન માધ્યમ' દ્વારા બેઠકો યોજવાને પ્રાધાન્ય આપવાનું રહેશે.

(૨) અનિવાર્ય સંજોગો સિવાય કોઈપણ પ્રકારના વિદેશ પ્રવાસનું આયોજન કરવું નહીં. અનિવાર્ય સંજોગો સિવાય વિદેશમાં યોજાતી તાલીમ/પરિસંવાદો/અભ્યાસ પ્રવાસો/પરિષદોમાં ભાગ લેવાનું ટાળવું.

(૩) અન્ય રાજ્યમાં/કેંદ્રમાં યોજાતી બેઠકો માટે બને ત્યાં સુધી ઓનલાઈન માધ્યમથી સહભાગી થવું અને પ્રત્યક્ષ પ્રવાસ ટાળવો. આમ છતાં, રાજય બહારની મુસાફરી અનિવાર્ય બને તો ઉચ્ચ અધિકારીઓએ પ્રવાસમાં તેમના હાથ નીચેના અન્ય અધિકારીઓ/કર્મચારીઓને અત્યંત જરૂરી હોય તે સિવાય સાથે ન રાખવાની કાળજી લેવાની રહેશે.

(૪) અધિકારી/કર્મચારીએ શક્ય હોય ત્યાં સુધી સરકારી કામકાજ અર્થે જિલ્લા બહાર મુસાફરી ટાળવી અને આમ છતાં સરકારી કામકાજ અર્થે જિલ્લા બહાર મુસાફરી જરૂરી બને તો મુસાફરી કરતા પૂર્વે તેમના નિયંત્રણ અધિકારીની મંજૂરી મેળવવી અનિવાર્ય રહેશે.

(૫) સરકારી અધિકારીઓ/કર્મચારીઓના પ્રવાસો ઉપર યોગ્ય નિયંત્રણો રાખવા ઉપરાંત, દરેક વહીવટી વિભાગ અને તેની હેઠળનાં તંત્રોમાં ઉપલબ્ધ સરકારી વાહનોની સમીક્ષા કરીને વધારાનાં વાહનો બિનવપરાશમાં મૂકવાના રહેશે. જો કોઈ અધિકારી એકથી વધુ જગ્યાનો(બોર્ડ/કોર્પોરેશન/કંપની વગેરેના વધારાના હવાલા સહિત) વધારાનો હવાલો(Charge) સંભાળતા હોય, તો તેઓને મળવાપાત્ર એક મુખ્ય વાહન સિવાયના અન્ય તમામ સરકારી વાહનો તાત્કાલિક ધોરણે 'સરકારી વાહન પુલ'(Vehicle Pool)માં જમા કરાવવાના રહેશે.

(૬) જે અધિકારીઓ પાસે સરકારી વાહનોના વિકલ્પ તરીકે પેટ્રોલ, ડીઝલ અને ઈલેક્ટ્રિક વ્હીકલ(EV) ઉપલબ્ધ હોય, તેઓએ ઈલેક્ટ્રિક વ્હીકલ(EV)/Hybrid modelનો જ ઉપયોગ કરવાનો આગ્રહ રાખવો.

(૭) પર્યાવરણ જાળવણી અને ઇંધણની બચત માટે, અધિકારીઓ/કર્મચારીઓએ શક્ય હોય ત્યાં સુધી ખાનગી વાહનોનો ઉપયોગ ટાળીને જાહેર પરિવહન સેવાઓ(જેમ કે મેટ્રો, એસ.ટી. નિગમની બસ,રેલવે વગેરે)નો મહત્તમ ઉપયોગ કરવો.

(૮) તમામ સરકારી કેન્ટીનમાં આગામી ૬ મહિનામાં પાઇપ્ડ નેચરલ ગેસ(PNG) કનેક્ટિવિટી ફરજિયાત મેળવવાની રહેશે.

(૯) તમામ સરકારી સંસ્થાઓમાં સ્વદેશી ચીજવસ્તુઓ, સ્થાનિક ઉત્પાદન, MSMEs (સુક્ષ્મ,લઘુ અને મધ્યમ ઉદ્યોગો) અને ભારતીય મૂળની સેવાઓને અગ્રતા આપવા માટે ખરીદ નીતિઓ મજબૂત બનાવવાની રહેશે.

(૧૦) સાંપ્રત વૈશ્વિક પરિસ્થિતિઓના કારણે ગભરાટમાં આવીને કરવામાં આવતી ખરીદી અને બિનજરૂરી સંગ્રહખોરી ન થાય તે માટે જનજાગૃતિ અભિયાન ચલાવવાનું રહેશે.

(૧૧) વિવિધ વિભાગો તથા તેઓના નિયંત્રણ હેઠળના ખાતાના વડા/તાબાની કચેરીઓ દ્વારા યોજાતા કાર્યક્રમો સાદગીપૂર્ણ રીતે આયોજિત કરવા તેમજ લોકાર્પણના કાર્યક્રમો વર્ચ્યુઅલ પદ્ધતિથી કરવાનો આગ્રહ રાખવો.

આ સૂચનાઓનો સર્વે વિભાગોમાં તેમજ તેમના હેઠળના ખાતાના વડાની કચેરીઓ/તાબા હેઠળની કચેરીઓ,જાહેર સાહસો,મંડળો,નિગમો,કંપનીઓ,સ્વાયત્ત સંસ્થાઓ,સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ,સરકારી યુનિવર્સિટીઓ,ગ્રાન્ટ-ઈન-એઈડ તમામ સંસ્થાઓ વગેરેમાં ચુસ્તપણે અમલ કરવા જણાવવામાં આવે છે.

આ પરિપત્ર વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૧૮/૦૫/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( ભગવતસિંહ ગોહિલ)
નાયબ સચિવ(બજેટ/સંકલન)
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રીઓ/માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,સ્વર્ણિમ સંકુલ-૧/૨, ગાંધીનગર.

- મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, સચિવાલયના સર્વે વિભાગ(તેઓ હસ્તકના ખાતાના વડા તેમજ તાબાની કચેરીઓના ધ્યાને મુકવા અને જરૂરી અમલીકરણ સારૂ.)

❖ લોકાયુક્તશ્રી, લોકાયુક્તશ્રીની કચેરી, સેક્ટર-૨૧, ગાંધીનગર.

❖ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, સેક્ટર-૨૧, ગાંધીનગર

❖ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

❖ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.

❖ સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.

❖ સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.

❖ સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.

- સિલેક્ટ ફાઈલ (ટ-શાખા)
- જનરલ સિલેક્ટ ફાઈલ.

---

❖ પત્ર દ્વારા

પરિપત્ર

ફાઇલ ક્રમાંક : ED/MIS/e-file/3/2026/2934/V-2

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

સચિવાલય,ગાંધીનગર.

તા.૨૬/૦૫/૨૦૨૬

---

**વિષય :-** સાંપ્રત વૈશ્વિક પરિસ્થિતિઓને ધ્યાને લેતાં રાજ્ય સરકાર દ્વારા પેટ્રોલ, ડીઝલ અને ફોરેન એક્ષચેન્જના વપરાશ અંગે પગલાં લેવા માટેની પ્રસિદ્ધ કરેલ સૂચનાઓ અન્વયે માહિતી બાબત.

**સંદર્ભ:-** ગુજરાત સરકાર, સામાન્ય વહીવટ વિભાગનાં તા:૧૯/૦૫/૨૦૨૬ પરિપત્ર ક્રમાંક:- GAD/MSM/efile/1/2026/2970/T

**પરિપત્ર :-**

શિક્ષણ વિભાગ હસ્તકની તમામ ખાતાના વડાની કચેરીઓ/યુનિવર્સિટી/કોલેજો/શાળાઓ/ગ્રાન્ટ–ઇન- એઇડ સંસ્થાઓ/જિલ્લા કક્ષાંની કચેરીઓને જણાવવામાં આવે છે કે, સાંપ્રત વૈશ્વિક પરિસ્થતિઓને ધ્યાને લેતા ગુજરાત રાજ્ય સરકારશ્રી દ્વારા પેટ્રોલ, ડીઝલ અને ફોરેન એક્ષચેન્જનાં વપરાશ અંગે પગલાં લેવા માટે સૂચનાઓ પ્રસિદ્ધ કરેલ છે જે અન્વયે,

(૧) ખાતાના વડાની કચેરીઓ/ યુનિવર્સિટી/કોલેજો/શાળાઓ/ ગ્રાન્ટ –ઇન- એઇડ સંસ્થાઓ/જિલ્લા કક્ષાની કચેરીઓ દ્વારા 'વીડિયો કોન્ફરન્સિંગ' અથવા 'ઓનલાઈન માધ્યમ' દ્વારા બેઠકો યોજવાને પ્રાધાન્ય આપવાનું રહેશે.

(૨) અનિવાર્ય સંજોગો સિવાય કોઈપણ પ્રકારના વિદેશ પ્રવાસનું આયોજન કરવું નહીં. અનિવાર્ય સંજોગો સિવાય વિદેશમાં યોજાતી તાલીમ/પરિસંવાદો/અભ્યાસ પ્રવાસો/પરિષદોમાં વિભાગની પૂર્વ મંજૂરી લેવાની રહેશે.

(૩) અન્ય રાજ્યમાં/કેંદ્રમાં યોજાતી બેઠકો માટે બને ત્યાં સુધી ઓનલાઈન માધ્યમથી સહભાગી થવું અને પ્રત્યક્ષ પ્રવાસ ટાળવો. આમ છતાં, રાજય બહારની મુસાફરી અનિવાર્ય બને તો વિભાગની પૂર્વ મંજૂરી લેવાની રહેશે.

(૪) અધિકારી/કર્મચારીએ શક્ય હોય ત્યાં સુધી સરકારી કામકાજ અર્થે જિલ્લા બહાર મુસાફરી ટાળવી અને આમ છતાં સરકારી કામકાજ અર્થે જિલ્લા બહાર મુસાફરી જરૂરી બને તો મુસાફરી કરતા પહેલ્રા વિભાગની પૂર્વ મંજૂરી લેવાની રહેશે.

(૫) ખાતાના વડાની કચેરી/જિલ્લા કચેરી જો કોઈ અધિકારી એકથી વધુ જગ્યાનો (જેવા કે DEO , DPO, DIET વગેરે..) વધારાનો હવાલો (Charge) સંભાળતા હોય, તો તેઓને મળવાપાત્ર એક મુખ્ય વાહન સિવાયના અન્ય તમામ સરકારી વાહનો તાત્કાલિક ધોરણે 'સરકારી વાહન પુલ' (Vehicle Pool)માં જમા કરાવવાના રહેશે.

(૬) જે અધિકારીઓ/કર્મચારીઓ પાસે સરકારી વાહનોના વિકલ્પ તરીકે પેટ્રોલ, ડીઝલ અને ઈલેક્ટ્રિક વ્હીકલ (EV) ઉપલબ્ધ હોય, તેઓએ ઈલેક્ટ્રિક વ્હીકલ(EV)/Hybrid modelનો જ ઉપયોગ કરવાનો આગ્રહ રાખવાનો રહેશે.

(૭) પર્યાવરણ જાળવણી અને ઈંધણની બચત માટે, અધિકારીઓ/કર્મચારીઓએ શક્ય હોય ત્યાં સુધી ખાનગી વાહનોનો ઉપયોગ ટાળીને જાહેર પરિવહન સેવાઓ (જેમ કે મેટ્રો, એસ.ટી. નિગમની બસ, રેલવે વગેરે)નો મહત્તમ ઉપયોગ કરવાનો રહેશે.

(૮) તમામ યુનિવર્સિટી/કોલેજો/શાળાઓ/જિલ્લા કક્ષાની કચેરીઓ/શૈક્ષણિક સંસ્થાઓની કેન્ટીનમાં આગામી ૬ મહિનામાં પાઇપ્ડ નેચરલ ગેસ (PNG) કનેક્ટિવિટી ફરજિયાત મેળવવાની રહેશે.

(૯) તમામ ખાતાના વડાની કચેરીઓ/યુનિવર્સિટી/કોલેજો/શાળાઓ/ ગ્રાન્ટ-ઇન- એઇડ સંસ્થાઓ/જિલ્લા કક્ષાની કચેરીઓ/શૈક્ષણિક સંસ્થાઓમાં સ્વદેશી ચીજવસ્તુઓ, સ્થાનિક ઉત્પાદન, MSMEs (સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો) અને ભારતીય મૂળની સેવાઓને અગ્રતા આપવા માટે ખરીદ નીતિઓ મજબૂત બનાવવાની રહેશે.

(૧૦) તમામ ખાતાના વડાની કચેરીઓ/ યુનિવર્સિટી/કોલેજો/શાળાઓ/જિલ્લા કક્ષાની કચેરીઓ/ ગ્રાન્ટ - ઇન- એઇડ સંસ્થાઓ / શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા યોજાતા કાર્યક્રમો સાદગીપૂર્ણ રીતે આયોજિત કરવા તેમજ ખાતમુર્હત/લોકાર્પણના કાર્યક્રમો વર્ચ્યુઅલ પદ્ધતિથી કરવાનો આગ્રહ રાખવો.

(૧૧) ગત વર્ષની સરખામણીમાં માસિક ધોરણે થયેલ વીજ વપરાશ, પેટ્રોલ/ડીઝલ વપરાશ, પ્રવાસ ખર્ચ તથા અન્ય ખર્ચાઓની સમીક્ષા ખાતાના વડાની કચેરી દ્વારા તેમના તાબા હેઠળની તમામ સંસ્થાઓ માટે કરવાનો રહેશે અને તે અંગેનો માસિક અહેવાલ દર મહિનાની પાંચ તારીખ સુધીમાં વિભાગને રજૂ કરવાનો રહેશે.

આ સૂચનાનો સર્વે ખાતાના વડાની કચેરીઓ/ યુનિવર્સિટી/કોલેજો/શાળાઓ/જિલ્લા કક્ષાની કચેરીઓ/શૈક્ષણિક સંસ્થાઓ વગેરેમાં ચૂસ્તપણે અમલ કરવા જણાવવામાં આવે છે.

આપનો વિશ્વાસુ

(જી.ટી.પંડ્યા – IAS)
અધિક સચિવ
શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર

**બિડાણ:** સંદર્ભ પરિપત્ર

**પ્રતિ,**

૧) કમિશનરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, બ્લોક-૨/૬ કર્મયોગી ભવન, ગાંધીનગર.
૨) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર.
3) કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૪) કમિશનરશ્રી, પી.એમ.પોષણની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર.
૫) કમિશનરશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯. ગાંધીનગર.
૬) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯. ગાંધીનગર.
૭) સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર નં ૧૦-બી. ગાંધીનગર.
૮) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, સેક્ટર નં ૧૨, ગાંધીનગર.
૯) નિયામકશ્રી, ગુજરાત રાજય પાઠ્ય પુસ્તક મંડળ, સેકટર-૧૦, ગાંધીનગર.
૧૦) નિયામકશ્રી, સાક્ષરતા અને નિરંતર શિક્ષણ, ડૉ.જીવરાજમહેતા ભવન, ગાંધીનગર.
૧૧) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક ટેકનોલોજી ભવન, નવરંગપુરા, અમદાવાદ.
૧૨) સચિવશ્રી, ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર ૨૧, ગાંધીનગર.
૧૩) નિયામકશ્રી, એન.સી.સી. હનુમાન કેમ્પ, કેન્ટોનમેન્ટ એરીયા, અમદાવાદ.
૧૪) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ, રાયખંડ ચાર રસ્તા, રાયખંડ, અમદાવાદ.
૧૫) ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, સેકટર-૧૨, ગાંધીનગર.

નકલ સાદર રવાના :-

૧) અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, શિક્ષણ વિભાગ.

૨) અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, શિક્ષણ વિભાગ.

सत्यमेव जयते

GOVERNOR'S SECRETARIAT, GUJARAT
LOK BHAVAN, GANDHINAGAR-382 021
(Tele. (079) 232 43171, 232 43172, 232 43173, Fax : (079) 232 31121)
(E-mail: - prisec-lokbhavan@gujarat.gov.in, so1-gh@gujarat.gov.in, lokbhavangujarat@gujarat.gov.in)

NO: GS/4443/2026 Dated: 29 MAY 2026

To,

The Vice-Chancellor,
State Funded University (All)
Gujarat.

Subject: Observation of "**No Vehicle Day**" on every **Monday** for Promotion of Conserving Fuel at your university...

Respected sir / Madam,

Kindly refer to the letter/email dated May 12 and May 23, 2026 respectively send by the Gujarat Lok Bhavan, Gandhinagar, regarding the above-mentioned subject. In this context, you are kindly requested to ensure strict compliance with the aforementioned advisory by the universities under your jurisdiction.

You are also kindly requested to ensure that consolidated compliance reports regarding adherence to the aforementioned advisory are regularly submitted to Lok Bhawan by your affiliated colleges.

Yours faithfully,

(Ashok Sharma) IAS
Principal Secretary to the
Hon'ble Governor of Gujarat

Primary
- M. Compliance
- Time Limit
30/5